**નામદાર મુખ્ય સિવિલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં–માળીયા હાટીના.**
**રેગ્યુલર દિવાની દરખાસ્ત નંબર–૦૭/૨૦૨૫ ના કામે આંક–૦૧ નું સાંધણ ....**

---

## –:: હુકમ ::–

(૧) આ કામ વાદી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, ખોરાસા(ગીર) શાખા, તા. માળીયા હાટીના દ્વારા તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ પ્રતિવાદીઓ પાસેથી લેણી રકમ વસુલ લેવા માટે દાખલ કરતાં પ્રતિવાદીઓ સામે અત્રેની કોર્ટ દ્વારા નોટીસ કરતાં આંક–૫ થી બજી ગયેલ છે. જેથી આંક–૬ તળેના હુકમ મુજબ પ્રતિવાદીઓ સામે જં. મિ. જપ્તિ વોરંટ કાઢતાં, પ્રતિવાદીઓ પાસેથી જપ્તિ લાયક કોઈ જંગમ મિલ્કત મળી આવેલ ન હોવાથી નીલ રોજકામનાં શેરા સાથે વગરબજે આંક–૦૮ થી રજુ છે. ત્યારબાદ વાદી વકિલશ્રી તરફેથી પ્રતિવાદીઓની સ્થાવર મિલ્કતનાં આધાર પુરાવા રજુ કરવા માટે તા.૧૨/૧૨/૨૦૨૫ નાં રોજ આંક–૦૭ થી મુદત અરજી રજુ કરતાં તે આખરી વખત મંજુર કરવામાં આવેલ છે. ત્યારથી આ કામ વાદી તરફેથી પ્રતિવાદીની સ્થાવર મિલ્કતની માહિતી આધાર રજુ થવા માટે મુલત્વી છે.

(૨) ત્યારબાદ આ કામે વાદીના વકિલશ્રી તરફેથી ફરી તા.૧૮/૦૨/૨૦૨૬ નાં રોજ આંક–૦૯ થી મુદત અરજી રજુ કરીને મુદત માંગતા "Strictly last date" મંજુર કરવામાં આવેલ હોવા છતાં વાદી કે વાદી વકિલશ્રી તરફેથી આજસુધી પ્રતિવાદીઓની સ્થાવર મિલ્કતની માહિતી રજુ કરેલ નથી કે વસુલાત માટે કોઈ દરકાર લિધેલ નથી, અલબત વાદી રેકર્ડ જોતાં તા.૧૫/૧૧/૨૦૨૫ બાદ હાજર રહેલ જ નથી.

(૩) આમ, ઉપરોકત સમગ્ર હકિકત ધ્યાને લેતાં આ કામે વાદી બેન્કને લેણી રકમની વસુલાત કરવા માટે આજસુધી અનેક મુદતો અને તક આપેલ હોવા છતાં આ કામે કોઈ સ્થાવર મિલ્કતની માહિતી રજુ કરેલ નથી કે દરકાર કરેલ નથી. જેથી વાદીને આ કામ આગળ ચલાવવા કોઈ રસ ન હોવાનું રેકર્ડ ઉપરથી સ્પષ્ટ માનવાપાત્ર છે. જેથી સદર દરખાસ્ત વાદીના કસુરને કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ થી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ તારીખ : ૧૮ મી માહે : માર્ચ સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**સ્થળ :** માળીયા હાટીના.
**તારીખ :** ૧૮/૦૩/૨૦૨૬.

(બી. વી. ગોહિલ)
**મુખ્ય સિવિલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.,**
**માળીયા હાટીના (કોડ નં.જીજે–૦૧૪૫૬)**